
અર્હદ્
પ્રેરણા
પત્ર
❖ વર્ષ : 32 ❖ અંક : 2 ❖ S.No. : 478
❖ તા.16-5-2025 ❖ મે
છૂટક નકલ : રૂા. 6/-

## એલર્ટ બ્રાહ્મી સુંદરી ગ્રુપ ન્યુ ગોલ્ડન નેસ્ટ દ્વારા આયોજન



ઓળીમાં જયણા પાલનનું સુંદર આયોજન



જિનાલય શુદ્ધિકરણનું આયોજન



સ્નાત્ર મહોત્સવનું આયોજન

## માનસમંદિરમ્ તીર્થે ૧૮૦ ઉપરાંત તપસ્વીઓના પારણાનો ભવ્ય પ્રસંગ












બ્રાહ્મી સુંદરી - સુરત ગ્રુપ દ્વારા
ગવર્મેન્ટ સ્કૂલમાં છાશ વિતરણ,
પાંજરાપોળમાં જઈ ઘાસ વિતરણ તથા
માતોશ્રી વૃદ્ધાશ્રમની મુલાકાત લઈ
ત્યાં ફ્રુટનું વિતરણ

तं देवदेव महिअं सिरसा वंदे महावीरम्

અર્હદ્ પ્રેરણા પથ

વર્ષ : 32 ❖ અંક : 2
S.No. : 478 ❖ વિ.સં.2081
તા.16-5-2025 ❖ મે

: માલિક :
અર્હદ્ ધર્મ પ્રભાવક ટ્રસ્ટ
૧૭, ઈલોરા પાર્ક, જૈન દહેરાસરની સામે,
નારણપુરા ચાર રસ્તા, અમદાવાદ-૧૩.
ફોન : 079-2768 1317

430, પંચરત્ન બીલ્ડીંગ, ૨જે માળ,
એમ.પી.માર્ગ, ઑપેરા હાઉસ, મુંબઈ - 4.
ફોન : 022-23631564, 23808621
(M) 93225 14188 (Time : 12 to 5)
manasmandirtrust@gmail.com
www.shreejainalertgroup.org

તંત્રી–મુદ્રક–પ્રકાશક
કલ્પેશભાઈ વિ. શાહ
અમદાવાદ

ટાઈપ સેટીંગ
સમ્યક્ ડીઝાઈન એન્ડ પ્રિન્ટ
અમદાવાદ

મુદ્રક
સર્વોદય ઓફસેટ
અમદાવાદ
મો. : 98245 15514

આજીવન લવાજમ : રૂા. ૫૦૦/–
છૂટક નકલ : રૂા. ૬/–

॥ શ્રી પ્રેમ-ભુવનભાનુ-જયઘોષ-રાજેન્દ્ર-હેમરત્નસૂરીશ્વરેભ્યો નમઃ ॥

**યુવાનોના ઉત્કર્ષ કાજે યુવાનો વડે ચાલતું મેગેઝીન**

**દિવ્યકૃપા : યુવાહૃદયસમ્રાટ્ સ્વ.પૂજ્ય આચાર્ય શ્રી હેમરત્નસૂરીશ્વરજી મહારાજા**

**લેખક : પ.પૂ.પંન્યાસ શ્રી હૃદયરત્ન વિ.મ.**





## પ્રાર્થના

હે કૃપાનાથ ! મહાવીર દેવ ! આજે તારો જન્મ દિવસ છે. તારા મંદિરિયાને શણગારવામાં આવ્યું છે. તારી લાખેણી આંગી કરવામાં આવી છે. રોજ કરતાં આજે ભક્તોની ભીડ ઘણી છે. તારી પૂજા–સેવા કરવા લોકો પડા–પડી કરી રહ્યા છે.

પ્રભુ ! આજના આ પાવન દૃશ્યો જોઈ મારું હૃદય ગદ્ગદ્ બની ગયું છે. મારા માઈંડનના સ્ક્રીન ઉપર પ્રભુ તારા એ જન્મકલ્યાણકનું દૃશ્ય ઉપસી આવ્યું છે. તારી ઉપાસના તો માનવો એ નહીં પ્રભુ ! ૬૪ ઈન્દ્રોએ મળીને કેવી કરેલી. તારો જન્મ કરાવવા તો ૫૬ દિગ્કુમારીકાઓ હોંશે હોંશે આવેલી અને તને સ્નાન કરાવવા કરોડો દેવો મેરુ ઉપર પડા–પડી કરવા લાગેલા ! ઓહ ! કેવું તારું પુણ્ય, કેવો તારો પ્રભાવ ! અને પ્રભુ તારું બળ ! કેવું ? મેરુને ધ્રુજાવી નાંખ્યો.

આટલી બબુડી તારી કાયા છતાં તારો પ્રભાવ ચૌદે રાજલોકમાં સમાય નહીં ! વાહ શું તારો મહિમા છે ! પ્રભુ ! આ બધું જોયા પછી મને અફસોસ તો એ વાતનો છે કે, તને હું ચાહતો હોવા છતાં, તારી સેવા–ચાકરી કરતો હોવા છતાં હજુ પણ તારા દર્શનને પામી શક્યો નથી. પ્રભુ તેં કૃપા કરી ઘણાને દર્શન આપ્યા છે. પ્લીઝ ! તું મને ક્યારે દર્શન આપીશ ?

## સંવેદના

તુલસી ઈસ સંસાર મેં તરહ તરહ કે લોગ ! કેટલાક સાકર જેવા મધુર તો કેટલાક કળિયાતા જેવા કડવાવખ હોય છે. કેટલાક ગુલાબની પાંદડી જેવા કોમળ તો કેટલાક પથરા જેવા કઠીન હોય છે. કેટલાક નેતરની સોટી જેવા નમ્ર તો કેટલાક તાડ જેવા અક્કડ હોય છે.

કેટલાક નારરિયેળ જેવા ઉપરથી કઠોર પણ અંદરથી કોમળ અને મધુર હોય છે. કેટલાક ટામેટા જેવા બહારથી સુંદર પણ અંદરથી ખાટા આંબલી જેવા હોય છે.

કોઈ પહાડ જેવા અડીખમ ! મેરૂ ડોલે પણ જેના મન ના ડોલે. ગમે તેવી પરિસ્થિતિમાં કોઈ હલાવી ના શકે ! કેટલાક તણખલા જેવા જરાક પવન આવે ને ઉડી જાય ! કેટલાક સાગર જેવા ધીર–ગંભીર હોય છે. તો કેટલાક ચાની રકાબી જેવા સાવ છીંછરા હોય. ગુપ્તવાત પણ તેમના પેટમાં ક્ષણવાર ટકે નહીં. ગમે તેના આગળ પોતાનું પેટ ખાલી કરી નાંખે !

કેટલાક આંબા જેવા, પથ્થર મારે તો કેરી આપે. પોતાની છાયામાં બેસે તો શાતા આપે. અનેક પક્ષીઓને નિવાસ આપે ! તો કેટલાક તાડના ઝાડ જેવા ખુદને ય છાંયડો ન આપે !

તિર્યંચ જીવોએ તથા જડ ચીજોએ પોતાના દોષોની સાથે ગુણોને પણ જાળવી રાખ્યા છે. જ્યારે એક 'માનવ' પોતાના ગુણોને ગુમાવતો જાય છે. આપણે આપણી જાતને ઓળખીયે !



**હેમસૂત્ર** તે દિવસ મારો સુંદર હતો જ્યારે હું જન્મ્યો ! પણ તે દિવસ તો તેથીય અતિસુંદર હશે, જે દિવસે મને સમજાશે કે હું શા માટે જન્મ્યો ?

# મારું જીવન અંજલિ થાજો

## ઉપશમ - વિવેક - સંવર - ૩
26 27 28

જો અંદર ઉપશમ હશે તો સમયે વિવેક આવીને ઊભો રહેશે. માટે ઉપશમ લાવવા પ્રયત્ન કરવો.

પહેલાં તો ઉપશમને અટકાવનાર કે ન લાવવા દેનાર તેના દુશ્મન સમાન કોણ છે ? તે જાણીએ.

**ઉતાવળ :** જેના સ્વભાવમાં જ ઉતાવળ હોય, કોઈપણ કામ આપો ફટાફટ કરી પૂરું કરવું. આ ભાવ ઉપશમમાં બાધક છે. ઝડપ એ જુદી વસ્તુ છે. ઉતાવળ તે દોષ છે. જેમ 'દવદવચારિ' ઉતાવળે ચાલવું બધા કાર્યોમાં ઝડપ, ઉતાવળ તે સમાધિનો દુશ્મન છે. **કોઈપણ પ્રવૃત્તિ વિચારીને કાળજીપૂર્વક કરાય તો ઉપશમ આવે તેથી વિવેક પણ આવે** અને વિવેક હોય તો કાર્ય બગડે નહિ. જ્યારે ઉતાવળમાં કાર્ય બગડવાની સંભાવના વધુ.

**બીજો દુશ્મન છે ઉશ્કેરાટ :** કોઈ એવા પ્રસંગો બની જાય ત્યારે મન ઉશ્કેરાટથી ભરાઈ જાય છે. શું કરવું તેની સમજ નથી પડતી. આવા સમયે ઉપશમ ચાલ્યો જાય છે. ત્યારે શાંતિથી વિચારી કાર્યમાં આગળ વધવું જોઈએ. ઉપશમ વિના કાર્યો સુધારતા નથી.

**ત્રીજો દુશ્મન છે દીનતા :** થોડુંક કંઈ ઓછું થતાં જાણે ભિખારી બની ગયા હોય તેમ દીન બને, જરાક શરીરમાં રોગ આવ્યો કે જાણે પહાડ તૂટી પડ્યો હોય તેમ દીન બની જાય. હાય-વોય કરે, આજીજી કરે, ઘણાને કરગરે, પ્રાર્થના કરે. આવા વ્યક્તિમાં ઉપશમ જ નથી જેથી વિવેક ચાલ્યો જાય. પોતાની ઈજ્જતના પણ ધજાગરા કરે.

**ચોથો દુશ્મન છે ઘમંડ :** ઘમંડ, અભિમાન તો અધ્યાત્મમાર્ગની અર્ગલા છે. અધ્યાત્મનો નાશક છે. પછી ઉપશમ તો ક્યાંથી હોવાનો ? સાધના કે આરાધનાના પહેલા પગથિએ ચડવા પણ વિનય જોઈએ. કોઈની ગરજ જોઈએ, કોઈની સહાયની જરૂર પડે ત્યારે સાધનાની પગદંડી પકડાય છે. તેમાં જો ઘમંડ વચ્ચે આવે તો ચડવા જ ન દે. ઘમંડ એ મનમાં રહેલો એવો વાયરસ છે, જે આવતા અધ્યાત્મને કે ધર્મને રીજેક્ટ કરે છે. ધર્મને અંતરમાં આવવા દેતો નથી. માટે જો તમારે સાધનાના ક્ષેત્રમાં પ્રવેશ કરવો છે તો ઘમંડને જૂત્તાની જેમ બહાર ઉતારી વિનયગુણને લઈ ચેમ્બરમાં આવવું પડે.

વાત-વાતમાં ખોટું લાગી જવું. વાત વાતમાં લાગણી દુભાવી આ બધા અંદર બેઠેલા ઘમંડ-ઈગોના લક્ષણો છે. તેનાથી ધર્મ અંતરમાં જામે નહીં.

ઘમંડવાળાને ચિત્તની પ્રસન્નતા દુર્લભ છે. હોય તોય ક્ષણમાં તૂટી જાય છે. એટલે ઉપશમ લાવવા ઈગો-અહંકારનો તિરસ્કાર કરી અંદરમાંથી કાઢવા જેવો છે. ઘમંડ વિવેક ચૂકાવે અને વિવેક જાય પછી માણસ અને પશુઓમાં ખાસ ફરક રહેતો નથી.

જ્ઞાન ભણવાથી ઉપશમ આવે. પણ ક્યારે આવે ? મુનિ સ્થુલભદ્રે ભણતાં ભણતાં જ્ઞાનનો આડંબર કર્યો એટલે ઉપશમ ગુમાવ્યો. 'હું' કેટલું ભણ્યો છું. લાવ મારી બહેનોને બતાવું. આવા અભિપ્રાયથી, આવેલી બહેનોને સિંહના દર્શન કરાવ્યા. વિદ્યાથી રૂપ વિકુર્વ્યું. આ જ્ઞાનનો દુરુપયોગ છે. શાસનની રક્ષા કે પ્રભાવનાદિ કાર્યોમાં આ કાર્ય કદાચ સંમત છે. પણ સ્વયંની પ્રસિદ્ધિ માટે થાય તો પરિણામ શું આવે ? મુનિશ્રીનો પાઠ ગયો. ત્યાં જ ગુરુએ અટકાવી દીધા. વધારે જ્ઞાન લેવા માટે અપાત્ર ઠેરવ્યા. આમ જ્ઞાન ભણતાએ આ બધા રીએક્શનો વિચારવા જેવા છે. ઉપશમ જવાથી ઔચિત્ય જવાનો વારો આવે. તેથી ધર્મ જોખમાય.

એટલે તો કહ્યું કે, અપેક્ષાઓ ન રાખવી, ઉતાવળ ન કરવી તેથી ઉપશમ જોખમાય છે. દરેક પ્રવૃત્તિમાં ઉપશમ કેમ આવે તેની પ્રધાનતા વિચારવી જોઈએ. ઉપશમ જોખમાય તેવી પ્રવૃત્તિનો જ ત્યાગ કરવો. સંસારમાં પણ પ્રોફીટ વિનાનો બિઝનેસ પણ 'હજામત' કહેવાય છે.

વળી, ઉપશમ લાવવા ઔચિત્યને બરાબર સાચવવું જોઈએ. સાધુઓ આવેલી પીડાને સમભાવે સહન કરે છે. જો હાયવોય કરે, ફરિયાદો કરે અને આર્તધ્યાન કરે તો ઉપશમ રહે ખરો ? ઉપશમભાવ એ સાધુની તો મહામાંઘી મૂડી છે. સાધુ જીવનમાં તો ડગલે ને પગલે ઔચિત્યનું પાલન મૂક્યું. ઔચિત્ય ચૂકાય એટલે ઉપશમભાવ જાય એટલે સંવર પણ જાય ! મોટું નુક્સાન થાય. સામાન્યથી સાધુ આવશ્યક, પડિલેહણ, ગોચરી, વિહાર આદિ તમામ ઔચિત્યો સાચવે. જ્યાં સચવાય તેવું ન હોય તો ગુરુને પૂછી ઓછું-વત્તું કરે, ન પણ કરે. તે

દોષરૂપ નથી બનતું. ઉપશમ વિના ઔચિત્યની સમજ પડવી મુશ્કેલ છે. ઉપશમ આવ્યા પછી જ ઔચિત્ય - વિવેક અને સંવરના દરવાજા ખૂલે છે.

જે જીવને બધે અનુકૂળતા મળે એવી વૃત્તિ પડી હોય તેવા જીવને ઉપશમ આવવો દુષ્કર છે. અઠ્ઠાઈનું પારણું હોય તો તપસ્વી પણ પહેલાં ગુરુને અને જો હોય તો બીજા તપસ્વીઓને વપરાવીને વાપરે. પહેલો તે જ બેસી જાય. ગુરુની પણ રાહ ન જુએ કે બીજા તપસ્વીની પણ રાહ ન જુવે તો ત્યાં ઉપશમ નથી. માટે ઔચિત્ય પણ ચૂકાઈ ગયું. વાપરવા જતાં હોય અને કોઈ સ્વજન આવી ગયા તો શું કરે ? ત્યાં ૧૫-૨૦ મિનિટ ઊભા રહેવાની તૈયારી તેને ઉપશમ કહેવાય ? આ તો રસનો વિષય છે. પણ ગુરુ માટે ૦। કલાક પણ રાહ જુવે ત્યાં ઉપશમ આવશે. તેથી ઔચિત્ય જળવાશે.

પ્રતિકૂળતા સહન કરવાની વૃત્તિવાળાને ઉપશમ આવે. મચ્છર કરડતા હોય તો સૂતાં મચ્છરદાની નાંખે. પણ પ્રતિક્રમણ તો બહાર આવીને કરે. અનુકૂળતાના આગ્રહવાળો મચ્છરદાનીમાં જ કરે તો ઉપશમ ક્યાં રહે ?

**જીવનમાંથી ઉકળાટ શમતો જાય અને ઉપશમ વધતો જાય તેના માટે સતત જાગ્રત રહેવું જોઈએ આ સાધના છે. આવું ન થાય તો પૂર્વમાં ભેગું કરેલું પણ ખોઈ બેસવાનો પ્રસંગ આવે. મેઘકુમાર મુનિને પહેલા જ દિવસે સંથારો ન ફાવ્યો. પીડા થઈ. પ્રભુને વાત કરી તો પ્રભુએ પ્રતિબોધ કર્યા. આર્તધ્યાન ગયું અને ઉપશમ આવ્યો. પછી સંથારાની પીડા ક્યાં રહી ?**

ઉપશમભાવ તમામ પ્રકારે સમાધાન કરાવે છે. માઈંડ વૉશ કરી તમને સાચા સાધક બનાવે છે. ઔચિત્ય શિખવાડે છે. વધારે શું કહું, ઉપશમ એ એવી કેડી છે જે પ્યોર અધ્યાત્મ તરફ લઈ જાય છે. **જ્યારે સંસારના કે કોઈ વ્યક્તિ કે ચીજ પ્રત્યેનું મમત્વ છોડવાની તૈયારી હોય, સાથે કોઈનાય પ્રત્યે દ્વેષ ન આવે. તેનું નિયંત્રણ થાય તો ઉપશમ આવવાના દરવાજા ખૂલે.**



ઉપશમની આટલી બધી વાત સાંભળ્યા પછી પણ પ્રશ્ન તો ઊભા જ રહેશે કે આ ઉપશમ જીવમાં આવે કેવી રીતે ? જો કે, આ વાતની શરૂઆતમાં જ રજૂઆત થઈ છે, કે ઉપશમ શેનો ? તો, કષાયોનો ઉપશમ અને તમને રાગ-દ્વેષ એ મૂળ દુશ્મનોનો સૂક્ષ્મ પરિચય કરાવ્યો. રાગ એ વિષયોનો બાપ છે. પાંચેય ઈન્દ્રિયોના કુલ ત્રેવીસ વિષયો તેનો પરિવાર છે. આ વિષયોની ઈચ્છા પૂરી કરવા જીવ કષાયોનો ઉપયોગ કરે છે. ઈચ્છાઓ પૂરી ન થાય તો કષાયો ઉત્પન્ન થાય છે. તે મનને વિક્ષિપ્ત કરે એટલે ઉપશમભાવ આવે જ નહીં. એટલે હકીકતમાં કષાયોનો જો કંટ્રોલ કરવો હોય તો પહેલાં વિષયો ઉપર નિયંત્રણ મૂકવું પડે. ત્યારબાદ આત્મામાં બંધાતા કષાયોને અટકાવવા અર્થાત્ કષાયો-મોહનીય કર્મો બંધાય તેવું વર્તન ન કરવું એટલે એક બાજુ કષાયોનો બંધ ન થાય તેની કાળજી બીજી બાજુ કષાયોનો ઉદય થાય ત્યારે ક્ષમાનું આલંબન લઈ ઉદયને નિષફળ કરવો તે વખતે મૌન થઈ જવું, સામે જવાબ ન આપવો. આમ ઉદયકાળે નવા કર્મો પણ બંધાતા બંધ થશે અને ઉદય નિષ્ફળ કરવાથી કષાયથી થતી હાનિ, તેનાથી થતા પારાવાર નુકસાન પણ અટકી જશે અને તે વખતે ઉપશમ આવવાના સંસ્કાર પડશે. આ રીતે જીવ ધીમે ધીમે ઉપશમના માર્ગે ચડશે. જો તમારે આરાધક થવું છે, સારું જીવન જીવવું છે, શરીર-મન અને ચિત્તને સ્વસ્થ રાખવું છે તો તેના મુખ્ય કારણરૂપ આ કષાયોનો કંટ્રોલ કરવો જ પડે. અપ્રશસ્ત કષાયો તો કાઢવા જ પડે.

કષાયોના કાળમાં કેવો ઉપશમ રાખવો ? તેના કેટલાક દૃષ્ટાંત કહું - શાસ્ત્રમાં મુનિ કૂરગડુનું દૃષ્ટાંત આવે છે. આ દૃષ્ટાંત માત્ર સાંભળવા નહીં પરંતુ તેના ઉપર ખૂબ ધ્યાન અને ચિંતન કરી હૃદયસ્થ કરવા જેવું છે. જેઓને ખૂબ ગુસ્સો આવે છે તેઓ માટે આ કૂરગડુ મુનિ ધ્યાવવા યોગ્ય છે.

મુનિ ધનવિજયજીએ આ મહામુનિનુ એક સજ્ઝાયમાં

ચરિત્ર લીધું છે. શોર્ટ એન્ડ સ્વીટ ! તેઓ કહે છે, ઉપશમ વિના જિનધર્મ ન શોભે ! તમે ધર્મ કરો છો પણ જો ગુસ્સો કરો છો તો તમારો ધર્મ શોભાસ્પદ થતો નથી. પણ તપ-જપ કરતાં સાથે ઉપશમભાવ હોય તો તપ શોભી ઉઠે. મોટે ભાગે તપસ્વીઓને ગુસ્સો વધારે આવતો હોય છે. તેમના માટે તો આ ખાસ ઉપદેશ છે. કરેલા તપનું ફળ જાય, નવાં કર્મ બંધાય, જિનધર્મની ફજેતી થાય અને લોકો આવા ધર્મની નિંદા કરે ? એમ કહ્યું, ઉપશમ તપ માંહે રાણો (રાજા) છે. જેમ જગતમાં આંખે કાણો એવો રાજા રાજ સિંહાસન ઉપર શોભતો નથી એમ ઉપશમ વિના તપ શોભતો નથી !

તુરમિણિ નગરી છે. (ભારત વર્ષમાં) તેમાં કુંભ નામનો રાજા રાજ્ય કરે છે. રાજાને લલિતાંગ નામનો રાજકુમાર છે. ખૂબ ગુણિયલ છે. મોટો થયો એકવાર સદ્ગુરુનો સંયોગ થયો. નિમિત્ત મળતાં પૂર્વ સંચિત કરેલા વૈરાગ્યનો વિસ્ફોટ થયો. વારંવારના સત્સંગથી રાજકુમાર સંવેગથી ભીના થવા લાગ્યા. સંસારની અસારતા સમજાઈ અને એક દિવસ કુમારે રાજ્યઋદ્ધિ વગેરે તમામનો ત્યાગ કરી ચારિત્રના નીરમાં મહાસ્નાન કરવા દીક્ષા ગ્રહણ કરી.



સમય વ્યતીત થયો ગયો. એકવાર મુનિને ક્ષુધા વેદનીયકર્મ ઉદયમાં આવ્યું, ભૂખ ત્રાસ આપવા લાગી. જેટલું ખાય છે તેટલું સ્વાહા થઈ જાય. રોજ ઘડો ભરીને કૂરનું ભોજન કરવા લાગ્યા. ઉપવાસ કરવો તેમના માટે દુષ્કર બનવા લાગ્યો. તપ છૂટી ગયો. હવે તો પર્વતિથિ તો શું પર્યુષણ-સંવત્સરીએ પણ ઉપવાસ કરવા સમર્થ થતા નથી.

એકવાર સંવત્સરીના મહાપવિત્ર દિવસે અત્યંત ભૂખની પીડા હોઈ ગુરુને પૂછી પોતાની ગોચરી લેવા ગયા. તેમની સાથે રહેલા ચાર મુનિ તો ચારમાસીના તપસ્વી હતા. તેમને ગોચરી જતા જોઈ ''આ કેવો સાધુ છે'' આવો વિચાર આવ્યો.

મુનિ કૂરગડુ સંવત્સરીના દિવસે કૂરનો ઘડો ભરી લાવ્યા અને ગુરુને ગોચરી બતાવે છે. ત્યારે ચારે મહાતપસ્વી મુનિઓને આ ના ગમ્યું. બાર મહિનામાં શું એક દિવસ પણ સહન ન કરી શકે ? એવું તે કેવું ? સાધુ જો સહન ન કરી શકે તો ગૃહસ્થોનું તો શું કહેવું. છતાં ગૃહસ્થો કેવા વિવિધ તપો કરે છે. આપણે તો સાધુ છીએ !

પણ જિનશાસનમાં માત્ર બાહ્યક્રિયાને જ સ્થાન નથી સાથે ભાવને પણ સ્થાન આપ્યું છે. જેનું અંતર વૈરાગ્ય ભરપૂર હોવા છતાં કર્મના ઉદયે ખાવાની ક્રિયા થતી હોઈ શકે ! છતાં ક્રિયા દેખાય છે, અંતર કોઈનું થોડું દેખાય છે ?

પેલા ચાર મુનિઓએ કૂરગડુની ખાવાની ક્રિયા જોઈ ખૂબ તિરસ્કાર કર્યો અને તેમના પાત્રમાં થૂંકવા લાગ્યા.

હવે ઉપશમની શરૂઆત અહીં છે. મુનિ કૂરગડુનું આ અપમાન છે. આ અન્યાય કહેવાય, પોતે તપસ્વી છે તો શું થઈ ગયું ? બીજાને આવી રીતે અપમાનિત કરવા તે શું વડિલપણું છે ? વગેરે આવું કેટલુંય કહી શકાય છતાં કૂરગડુ મુનિને અપમાન તે અપમાનરૂપ ન લાગ્યું, તેઓ મહાન છે, તપસ્વી છે, હું તો ખાઉધરો છું. અન્યના ગુણ જોવા પોતાના દોષ જોવા આ દૃષ્ટિ અહીં ટકી રહી, તિરસ્કાર સ્પષ્ટ હોવા છતાં મુનિએ આ પ્રસંગ ઘરના પોતાના આત્મહિતના ખાતે ખતવવા કેવી વિચારણા કરી તે જુઓ અને કેવા અર્થમાં આ ઘટનાને લઈ ગયા તે જુઓ. આ બધું કોણે કરાવ્યું ગુસ્સો ન આવવા દેવો, અપમાન ન લાગવા દેવું, પૉઝિટિવ જ વિચારવાનું, તપસ્વીઓએ અપરાધ કર્યો છતાં પોતે અપરાધી છે. આવું ફિલીંગ એક માત્ર તેમનામાં રહેલા ઉપશમભાવે કરાવ્યું. જો આ ઉપશમ અહીં ન રાખ્યો હોત અને ગુરુની સામે થયા હોત અથવા ગુસ્સો કરી રીસાઈ ગયા હોત તો શું થાત અને હમણાં શું થયું તેનો હિસાબ માંડો.

# પરિણતિની Jain ફિલોસોફી-૬

## આત્મજાગૃતિ

આપણે અહીં અશુભપરિણતિ કેવી રીતે કાઢવી તેની વાત ચાલે છે.

વિદ્યાર્થી : સર ! આપે કહ્યું, અશુભ પરિણતિઓને પહેલાં 'સમજ'થી પછી અવળા (સીધા) પુરુષાર્થથી કાઢી શકાય! આને સમજાવોને!

સર : વત્સ ! આ સમજ મોટેભાગે સત્સંગથી આવે છે. ક્યારેક અનુભવથી સમજાય છે. ક્યારેક ઠોકર વાગે ત્યારે સમજાય છે. કલ્યાણમિત્રો વગેરેના કહેવાથી સમજાય છે, કે આ અશુભ પરિણતિઓ જીવનો કેવો દાટ વાળે છે !

જો, આ વાત ચોક્કસ છે કે, અશુભ પરિણતિઓ અંતરમાં પડેલી છે. એટલે નિમિત્ત મળતાં જ (ક્યારેક નિમિત્ત વિના પણ અચાનક) બહાર આવે છે. ત્યારે જીવે સાવધાન (આત્મજાગૃત) થઈ તેને ઍક્ટિવ થવા દેવી નહીં અર્થાત્ તે માટે (ખોટી) પ્રવૃત્તિ - પુરુષાર્થ જ કરવો નહીં. પૂર્વે ખોટો પુરુષાર્થ કરી કરી તેને ઊભી કરી છે. દૃઢ કરી છે. હવે તેને આગળ ન વધવા દેવા ખોટો પુરુષાર્થ જ ન કરવો. અગ્નિ ક્યારે બાળે ? અગ્નિ ઉત્પન્ન થતાં જ તેને દહન થવા માટે કશું ન મળે તો આપોઆપ ઓલવાઈ જાય છે.

અશુભપરિણતિને કાર્ય કરવા જીવના પુરુષાર્થનું બળ જોઈએ એ બળ જ ન મળે તો તેનું શમન થઈ જાય ! આમ, પહેલાં તો તેવો પુરુષાર્થ ન કરી તેનું શમન કરવું. બીજા નંબરે તેનાથી વિપરીત પુરુષાર્થ કરી તેની જગ્યાએ શુભ પરિણતિ ઊભી થાય તેમ કરવું. નવા સંસ્કાર પાડવા માટે પુરુષાર્થ પણ વારંવાર અને બળવાન કરવો પડશે. આમ, વારંવાર ઘૂંટવાથી નવા સંસ્કાર પડશે. વારંવાર કરવું - ઘૂંટવું તેને ભાવના પણ કહેવાય છે. અર્થાત્ તે સવળા પુરુષાર્થથી સતત ભાવિત થવું એથી જેટલીવાર અશુભ પરિણતિ સ્ક્રીન પર આવશે તેટલી વાર આ ભાવનાનું બળ તેને રોકી નિષ્ફળ બનાવશે.

માવો ખાવાનું વ્યસન છોડવા, જ્યારે માવો ખાવાનું મન થાય અને માવાનું પડીકું દેખાય એટલે 'સમજ' નામના વૉચમેનને જગાડી જીવને પૂછવું, "શું તારે આ માવા ચાવી ચાવી જડબાનું કેન્સર કરવું છે ? અનેકોએ આવા કેન્સરથી પરલોકની વાટ પકડી છે. તારા ઘરે બૈરાં-છોકરાં છે તેને રઝળતાં મૂકવાં છે ? બકા ! જરા વિચાર ! એક માવાના પડીકામાં મૃત્યુ અને મૃત્યુ પછી તારા પરિવારના સુખનું શા માટે સત્યાનાશ વાળે છે ? તારા આત્માનું તો વિચાર તારું શું થશે ? આ સમજથી જીવ જો પડીકું ન લે તો તે કુટેવ આજ નહીં તો કાલે છૂટી જવાની. હવે ન જ રહેવાય તો ધાણાની દાળ મોંઢામાં નાખી ચલાવી લેવાનું. ધીરે ધીરે ધાણા દાળ પણ છૂટી જશે. તું બચી જશે.

આમ, તમામ દોષોના આવેગમાં વિચારવું- પોતાનો, પરિવારનો વગેરે સારી રીતે વિચાર કરવાથી તે દોષો બહાર આવતા અટકી જશે. વળી તે દોષોના વિરુદ્ધ ગુણોને લાવવા સમ્યગ્ પુરુષાર્થ કરવો. જેથી દોષોની જગ્યાએ ગુણોનો સંસ્કાર તૈયાર થશે.

ગુસ્સો આવવા લાગ્યો ત્યારે 'સમજ'લાવવી કે, ક્રોધથી કોઈને જીતી શકાતું નથી. પણ પ્રેમથી જીતી શકાય છે. ક્રોધથી કદાચ થોડો લાભ થશે પરંતુ તેની સામે નુકસાનો ભયંકર છે. શારીરિક નુકસાન, માથાની નસ ફાટી જવી, બ્લડપ્રેશર વધી જવું, સંબંધો બગડવા, મારામારી થાય તો હોસ્પિટલના બીલ, અધ્યાત્મનો વિચાર કરીએ તો ક્રોધે ક્રોડ પૂરવતણું સંયમ ફળ જાય. ક્રોડવર્ષની આરાધના એકવારના ક્રોધમાં શા માટે ધૂળધાણી કરવી-નાશ કરવો. આવી મૂર્ખામી મારે ન કરવી જોઈએ.

આ સમજ એટલે જ વિવેક આવશે. ક્રોધ કરવાનું માંડી વાળશે.

ભરત મહારાજાએ બાહુબલી સામે યુદ્ધ માંડ્યું. બાહુબલી દરેક યુદ્ધમાં જીતવા લાગ્યા, ભરત હારવા લાગ્યા એટલે તેમને બાહુબલી ઉપર ન્યાયનીતિ મૂકી દઈ અન્યાયના રસ્તે ચક્ર મૂક્યું. આ ચક્ર જો ટકરાય તો ખોપડીના ચૂરેચૂરા કરી નાંખે ! જો કે, સગાભાઈ હોવાથી ચક્ર પ્રદક્ષિણા આપી પાછું ફર્યું. પણ આ અન્યાયથી બાહુબલીનું મગજ ફાટ્યું. ભયંકર ક્રોધ આવ્યો. મુઠ્ઠી

ઉગામી ભરતની ખોપડીના ચૂરા કરવા દોડ્યા. ત્યાં પેલો 'સમજ' નામનો વોચમેન આવ્યો. ઓહ ! લોકો શું કહેશે ? ભગવાનનના બન્ને દીકરા જમીન માટે લડી મર્યા ? વિવેક આવ્યો એટલે મુઠ્ઠી શાંત પડી ગઈ. ગુસ્સાનું શમન થયું. હવે આવો ગુસ્સો જ આવે નહીં તેના માટે ખુદ મેદાન છોડી સાધુ બની ગયા.

અશુભ પરિણતિઓ આવા મહારથી-મહાપુરુષોને પણ છોડતી નથી. પરંતુ આ મહાપુરુષો પાસે સમજ આવી જવાથી તે પરિણતિઓને તેઓ નિષ્ફળ કરી શુભનું આધાન કરતા હોય છે.

હવે શુભપરિણતિઓ અંતરમાં ઊભી થાય તે માટે શુભ પ્રવૃત્તિઓને વારંવાર અને દઢપણે ઘૂંટવી. ભાવનાઓ વારંવાર ભાવવી જેથી તે દઢ બને.

અશુભપરિણતિને કાઢવા તે જેટલી બળવાન હોય તેટલો જ બળવાન શુભ પુરુષાર્થ જોઈશે તો કામ થશે. આવો પુરુષાર્થ કરવો તે જ ધર્મ છે.

વિદ્યાર્થી : સર ! હવે તો તે પુરુષાર્થની જ વાત કરો !

સર : પરિણતિના વિષયમાં ઘણું કહ્યું, હજુ કહી શકાય તેમ છે. જ્ઞાન સમ્યગ્ થાય એટલે તે પરિણતિ બને. કહેવાય છે, ''ભરતજી મનમેં હી વૈરાગી'' ભરત મહારાજા ચક્રવર્તી બનવા અનેક યુદ્ધો લડ્યા છતાં તે જ ભવે મોક્ષે ગયા. કેમ ? તો તેમની પરિણતિ તો શુભ-સારી દયાની હતી. એમ સમકિતી જીવ ક્યારેક ખોટી પ્રવૃત્તિ પણ કરે તો પણ તેની પરિણતિ સારી હોવાથી કર્મબંધ અલ્પ કહ્યો. ખાસ નુકસાન ન કરે.

તેની સામે મિથ્યાત્વી જીવ ક્યારેક સારું કાર્ય કરે તો પણ જ્ઞાન (પરિણતિ), મિથ્યા-(અશુભ) હોવાથી પુણ્ય પણ પાપાનુંબંધિ જ બાંધે છે. જેમ અભવિને ચારિત્ર લેવાની ઈચ્છા (શુભ) હોવા છતાં તે શુભપરિણતિ ન કહેવાય. કેમ કે, અંદરખાને ચારિત્ર લઈ ઈચ્છા તો દેવલોકના સુખો ભોગવવાની છે. મોક્ષ તો તે હંબક માને છે. તેનામાં માન્યતા તો, ''ભૌતિક સુખો જ હકીકતમાં સુખ છે.'' એવું દઢપણે પડેલું હોય છે. આ અશુભ પરિણતિ છે.

વત્સ ! આટલું કહ્યા પછી હવે જો તારે અશુભ સંસ્કારો કાઢી શુભનું આધાન કરવું હોય તો, પરમાત્મા મહાવીરદેવે પોતાના જ્ઞાન દ્વારા ભૂમિકા ભેદે જીવને આરાધના આપી છે.

જીવનમાંથી મિથ્યા માન્યતાઓ કાઢી સમ્યક્ત્વને ધારણ કરવું અર્થાત્ સમકિતની કરણી કરવી તેના ઉપર દેશવિરતિ ધર્મનું આચરણ કરવા દ્વારા દેશવિરતિધર બનવું તેથી આગળ શક્તિ ફોરવી સર્વવિરતિની કરણી કરવી. સર્વવિરતિ એટલે છઠ્ઠા ગુણઠાણે પણ ઉપરની આરાધના અને સાધનાઓ બતાવી છે.

શુભપરિણતિઓ જીવમાં આધાન કરવા અને અશુભપરિણતિઓને કાઢવા ગણધરો દ્વારા રચિત 'મન્નહ જિણાણં'ની સજ્ઝાયમાં આપેલ ૩૬ કર્તવ્યોનું યથાશક્ત પાલન કરવું અને ભાવનાઓથી ભાવિત બનવું. આનું વિસ્તારથી વર્ણન મારા દ્વારા 'બંધન-બંધન ઝંખે મારું મન' અને 'આતમ ઝંખે છૂટકારો' ભાગ-૧-૨ અને ૩ માં છપાયેલું છે. જિજ્ઞાસુઓએ વાંચી લેવું. તેમ જ પરિણતિના વિષય ઉપર પૂ.પં.શ્રી ભવ્યસુંદર વિ.મ.નું પુસ્તક 'અધ્યાત્મમાર્ગ' એકવાર વાંચી જવા ભલામણ છે.

પરિણતિ પણ (સારું) જ્ઞાન છે. જ્યારે માહિતી પણ જ્ઞાન છે છતાં કિંમત પરિણત જ્ઞાનની છે. જેટલું જ્ઞાન-માહિતી 'પરિણત' થાય તેટલો જીવને લાભ થાય. માહિતી જ્ઞાનથી ભૌતિક લાભ થતો હશે. હા, તે જ્ઞાન સમ્યગ્ જ્ઞાનનું કારણ બને છે. જેમ કે, પ્રવાહી બધા પેય છે. આપણો ૪થો આહાર 'પાનં' અર્થાત્ પાણી છે - લીક્વિડ છે. આ માહિતી જ્ઞાન છે. તે જ્ઞાનમાં વિવેક આવે, સમજ ભળે એટલે કયું પાણી પીવાય અને કયું ન પીવાય તેના વિભાગ પાડનાર શુભ પરિણતિ છે. એટલે બધા પ્રવાહી હોવા છતાં દારૂ, બીયર, તાડી, લઠ્ઠો વગેરે નશાકારક પેય તો હેય છે - છોડવા જેવાં છે. આવું જ્ઞાન તે પરિણતિ છે. આગળ વધી પાણી પણ ગાળ્યા વિના ન પીવાય, તપમાં ઉકાળ્યા વિના ન પીવાય આદિ બધું જ્ઞાન સમ્યગ્ સમજણ છે.

તપસ્વી ભૂલથી પણ કાચું પાણી પીવે અને ખ્યાલ આવે તો ઝાટકો લાગે છે, તરત પ્રાયશ્ચિત્ત લઈ શુદ્ધ થઈ જાય છે.

એટલે શુભ પરિણતિઓ જીવને ઉપર ઉપરના ગુણસ્થાનકે આગળ વધારે છે. જ્યારે અશુભ પરિણતિઓ જીવને જો સત્સંગ ન મળે, સાચી સમજણ ઉત્પન્ન ન થાય, સદ્‌ગુરુનો સંયોગ ન થાય તો જીવને અધોગતિ તરફ લઈ જાય છે.

શાસ્ત્રમાં 'જ્ઞ' પરિજ્ઞા અને બીજી 'પ્રત્યાખ્યાન' પરિજ્ઞાની વાત આવે છે. તેમાં પહેલાં, પદાર્થને 'જ્ઞ' પરિજ્ઞાથી જાણવો, કે તે હેય છે કે ઉપાદેય અર્થાત્ મારા આત્માને હિતકર છે કે અહિતકર તે વિચારવું. પછી જો આત્માને અહિતકર લાગે તો બીજા નંબર 'પ્રત્યાખ્યાન' પરિજ્ઞા કરવી એટલે કે, તે હેય પદાર્થ ન વાપરવાની પ્રતિજ્ઞા-પચ્ચક્ખાણ કરવું તેથી આત્મામાં એવા પ્રકારના જ સંસ્કાર પડે.

**પ્રશ્ન :** પ્રતિજ્ઞા ન લઈએ પણ તે પદાર્થનો ઉપયોગ ન કરીએ તો ચાલે ને?

**જવાબ :** મને લાગે છે આવો પ્રશ્ન પણ અશુભ પરિણતિની દેન છે. જો પદાર્થ નથી જ વાપરવો તો પ્રતિજ્ઞા લઈ ભગવાનની આજ્ઞા પાળવામાં તમને શું વાંધો છે?

અમને ઘણા કહે છે, સાહેબ અમે ક્યારેય કંદમૂળ ખાધું નથી. અમે કહીએ, તો બાધા લઈ લો, આજથી હવે ખાવાનું પણ નહીં. તો ના પાડશે ? એનો અર્થ શું થયો ? કંદમૂળ ખાવાની પરિણતિ તો પડી જ છે. માત્ર કોઈક શરમથી, ખાનદાનીથી કે સમાજ આદિના ડરથી નથી ખાતા તો હિંસામાંથી અટકી ગયા. પણ પરિણતિને કાઢી નથી તો નવા જનમમાં કોણ અટકાવશે ? પાછી હિંસા ચાલુ થવાની તમને કંદમૂળ ખાવા જેવું ન લાગ્યું અથવા કંદમૂળ ખાવાથી પાપ થાય આવી માન્યતા આવ્યા પછી પ્રત્યાખ્યાન લેવું જરૂરી છે.

પ્રત્યાખ્યાનથી અંતરમાં 'ખાવા જેવું છે.' એવી પડેલી માન્યતા બદલાય છે.

પ્રતિજ્ઞા લીધા પછી તે પદાર્થ ઉપરનો સદ્‌ભાવ ચાલ્યો જાય છે. પદાર્થ જોવા માત્રથી મન કહે છે, આ આપણા માટે નથી ! એટલે તે પદાર્થની પંચાતમાં પણ પડતો નથી. તે પદાર્થ સારો છે. એવા તેના વખાણ પણ ક્યાંય કરતો નથી. તે પદાર્થ ખાનારની અનુમોદના ય કરતો નથી. ઉપરથી બીજાને સલાહ આપશે કે, મેં પ્રતિજ્ઞા લીધી છે તું પણ લઈ લે ! આ ખાવા જેવું નથી તેનાથી ભવાંતરમાં પાપ જનમ મળે!

**વસ્તુ એક જ હોય, એકને લેવા જેવી લાગે બીજાને છોડવા જેવી લાગે આ બન્ને વિચાર-વિકલ્પ તે વ્યક્તિની અંદર પડેલી પરિણતિના આધારે છે.**

૩૬ કર્તવ્યો અંતર્ગત છ આવશ્યક પ્રત્યેક જૈનને નિત્ય કરવાના કહ્યા છે. આવા બીજા પણ કર્તવ્યો છે. પર્યુષણના ૫ કર્તવ્ય જે પર્યુષણ દરમિયાન કરવાના છે. ૧૧ કર્તવ્યો વાર્ષિક છે વગેરે સ્વયં જાણી લેવું.

તે સિવાય રત્નત્રયીની નિત્ય આરાધના જેમ કે, નવું નવું જ્ઞાન નિત્ય ભણવું, બીજાને ભણાવવું, ભણનારને સહાય કરવી. જ્ઞાનારાધના નિમિત્તે રોજ ૫ કે ૫૧ લોગસ્સનો કાયોત્સર્ગ કરવો. જ્ઞાનપંચમી આરાધવી, દર સુદ પાંચનો ઉપવાસ સાથે પંચમીની આરાધના કરવી. જ્ઞાનની આશાતનાઓ જાણી તેનો ત્યાગ કરવો. આશાતના થઈ જાય તો, પ્રાયશ્ચિત્ત લઈ શુદ્ધ બનવું વગેરે 'જ્ઞાન' બાબતમાં જાણવું જ્ઞાનાચારનું પાલન કરવું. આ જ રીતે દર્શનની આરાધના-જિનપૂજા, જિનેશ્વરની મૂર્તિ ભરાવવી, જિનાલય સ્વયં બનાવવું, ગૃહમંદિર કરવું, કરનારને સહાય કરવી, દ્રવ્ય-ભાવ પૂજા નિત્ય કરવી, તીર્થ પ્રભાવના કરી તીર્થયાત્રા કરવી, તીર્થરક્ષામાં તત્પર રહેવું, તેમાં અન્યને સહાયક થવું તથા દર્શનાચારનું સુંદર પાલન કરવું.

**ચારિત્ર :** એટલે સામાયિક, પૌષધવ્રતનું નિત્ય અથવા અવસરે આરાધન કરવું અન્યને જોડવા, સહાય કરવી, ૧૪ નિયમ ધારવા, ૧૨ વ્રત લેવા વગેરે ચારિત્રાચાર (૮ પ્રકારે) પાળવા, અતિચારને ટાળવા - લાગે તો પ્રાયશ્ચિત્ત લઈ શુદ્ધ થવું.

અનુસંધાન પાના નં. ૧૦ ઉપર

## : માનસમંદિરે વર્ષીતપના પારણા :

**વિ.સં.૨૦૮૧ વૈ.સુ.૩, તા.૩૦-૪-૨૫, બુધવાર**

**પાવનનિશ્રા : પૂ.આ.વિ.અપરાજિતસૂરીશ્વરજી મ.સા., પૂ.પંન્યાસશ્રી વિરાગરત્ન વિ.મ., પૂ.પંન્યાસશ્રી ચારિત્રરત્ન વિ., પૂ.ગણિશ્રી જ્ઞાનરત્ન વિ. આદિ શ્રમણ-શ્રમણી ભગવંતો**

આ વર્ષે માનસમંદિરમ્ તીર્થે રાજસ્થાનના રાણીવાડાનગરના વર્ષીતપના ૧૪૬ તપસ્વીઓ સહિત ૧૮૦ ઉપરાંત તપસ્વીઓના પારણાનો ભવ્ય પ્રસંગ આયોજિત થયો હતો.

આખાય પ્રસંગનો લાભ **શ્રીમતી શાંતીદેવી બાબુલાલજી પ્રતાપજી બાલગોતા પરિવાર તથા માતુશ્રી હીરાદેવી ઘમંડીમલજી સોનીગરા પરિવારે** લીધો હતો.

તીર્થના વિશાળ 'ઉત્સવમંડપ'માં તપસ્વીઓની સુંદર સજાવટ કરી વ્યવસ્થા કરવામાં આવી હતી.

આ સાથે - પૂ.સાધ્વીજી **મોક્ષપ્રિયાશ્રીજી**, પૂ.સા. **સૂચિપ્રિયાશ્રીજી**, પૂ.આ.શ્રી **રુચિપ્રિયાશ્રીજી** તથા પૂ.સા.શ્રી **પરમપ્રિયાશ્રીજી** મ. આદિ પાંચ સાધ્વીજી મ.ના પારણા થયા હતા.

પૂ.આચાર્યશ્રી આદિએ તપસ્વીઓને વર્ષીતપનો મહિમા સમજાવી સુંદર માર્ગદર્શન આપ્યું હતું. ત્યારબાદ ઉત્સવમંડપમાં પ્રથમ તપસ્વી પૂ.સાધ્વીજી ભગવંતોને ત્યારબાદ તપસ્વીઓને લાભાર્થી પરિવાર તરફથી પારણા કરાવવામાં આવ્યા હતા. પારણા સાથે દરેક તપસ્વીઓને સુવર્ણમુદ્રાની પ્રભાવના પણ આપવામાં આવી હતી.

શ્રેયાંસકુમાર બની પારણા કરાવવાનો લાભ પણ લાભાર્થી પરિવારે લીધો હતો. ૨૦૦૦થી અધિક ભાવિકો તપસ્વીઓને પારણા કરાવવા તીર્થમાં પધાર્યા હતા.

આ પ્રસંગે મૂળનાયક પ્રભુજીને શેરડીના રસ મિશ્રિત જલાભિષેકનો લાભ માતુશ્રી મોહિનીદેવી હીરાલાલજી પાલગોતા પરિવારે લીધો હતો.

## Alert World

**બ્રાહ્મી-સુંદરી ગ્રુપ - સુરત :**

વીર પ્રભુના જન્મકલ્યાણક દિને ગ્રુપની બહેનો દ્વારા બે અલગ અલગ સ્લમ એરિયામાં "લાડકી બાલિકાશ્રમ" તથા ગૌશાળામાં લાડવા-દ્રાક્ષ અને સેવનું વિતરણ કરવામાં આવ્યું. ઓલ્ડેજ હોમમાં તથા અમીધારા સ્કૂલમાં પણ દિવ્યાંગ બાળકોને સેવે તથા દ્રાક્ષ આપવામાં આવ્યા હતા.

**બ્રાહ્મી-સુંદરી ગ્રુપ - ન્યુ ગ્લોડન નેસ્ટ (ભાયંદર) :**

ગ્રુપની બહેનો દ્વારા ગત પર્યુષણ પર્વમાં જિનાલયમાં શુદ્ધિ તથા સુંદર ડેકોરેશન કરવામાં આવેલ. (૨) ઉત્તરાયણમાં બર્ડ કેમ્પનું આયોજન. (૩) જિનાલયમાં સ્નાત્ર મહોત્સવ. (૪) નવપદજીની ઓળીમાં શ્રીસંઘમાં જયણા અભિયાન, અનાજ આદિની શુદ્ધિ. (૫) સરસ્વતી આરાધના. (૬) ગૌશાળા મુલાકાત આદિ કાર્યો કરવામાં આવ્યા હતા. આ ગ્રુપની સ્થાપના ૧૬-૮-૨૦૨૪ના રોજ થયા બાદ બહેનો સુંદર કાર્ય કરી રહી છે. શિબિરમાં પણ બહેનોની ઉપસ્થિતિ હતી. ફા.સુ.૧૩ છ ગાઉ ભાવયાત્રા દરમિયાન માનસમંદિરમ્ તીર્થમાં સેવા માટે બહેનોએ ભાગ લીધો હતો.

અનુસંધાન પાના નં. ૯ ઉપરથી

**તપાચાર :** અનેક પ્રકારના તપોનું વર્ણન 'તપાવલી' પુસ્તકમાં આપેલ છે. તેમાં નાના નાના તપોથી લઈ ૫૦૦ દિવસ સુધી થાય તેવા ઘોર તપો શક્તિ મુજબ તપવા- છેલ્લે નવકારશી અને ચોવિહાર (કે તિવિહાર) તો કરવા જ.

**વીર્યાચાર :** ઉપરના ચારે આચારોમાં શક્તિ (વીર્ય) ફોરવવું અર્થાત્ ઉલ્લાસથી પાલન કરવું. ઉત્સાહથી આરાધવું તે વીર્યાચાર છે. જે ક્રિયા જેવી રીતે કહી હોય તે પ્રમાણે શક્તિ છુપાવ્યા વિના શક્તિ ફોરવીને પણ કરવી જોઈએ. નિષ્કારણ ન થાય તો પ્રાયશ્ચિત્ત લઈ પ્રમાદનો ત્યાગ કરી આરાધના કરતાં અંતરમાં પડેલી અશુભ પરિણતિઓનો હ્રાસ થાય. છેલ્લે નાશ થાય છે અને સાથે સાથે શુભ આરાધનાથી શુભ પરિણતિઓનું આધાન થવાથી - ભવાંતરમાં શુભ નિમિત્તો મળતાં જીવ ધર્મમાર્ગમાં આગળ વધે છે. તેનો ધર્મરાગ વધે તો સ્પીડ અનેક ગણી થઈ જાય છે. જેથી ઝડપથી આ સંસારની વિટંબણાઓ અને ચક્કરોથી સદા માટે મુક્ત બને છે. છૂટી જાય છે ! રાગત્રયીમાં કામરાગની વાત કરી બીજા બે સ્નેહરાગ અને દૃષ્ટિરાગની વાત ક્યારેક કરીશું.

# એલર્ટ ગ્રુપના યુવાનો દ્વારા કરાતી વિવિધ સુંદર એક્ટિવિટી





એલર્ટ ગ્રુપ દ્વારા
ગરીબોમાં ફ્રુટનું વિતરણ

એલર્ટ યુવાનો દ્વારા
ફ્રી મેડીકલ ચેકઅપનું
સુંદર આયોજન





એલર્ટ ગ્રુપ ઓફ નાશિક દ્વારા
ગરમીમાં રાહદારીઓ માટે
છાશનું વિતરણ

એલર્ટ ગ્રુપના યુવાનો દ્વારા
ચોપડા વિતરણ



એલર્ટ યુવાનો દ્વારા પાંજરાપોળમાં જઈ
ગાયોને લીલા ઘાસ તથા અન્નનું વિતરણ

RNI NO. : GUJGUJ/2006/16904 (Delhi)    Publish & Posted 16th of every month at Ahd.PSO
Reg.No. : GAMC 988/2024-2026    Issued by SSP    Valid up to 31-12-2026
Licence to Post with Prepayment  LPWP Licence No. : PMG/NG/058/2024-2026  Valid up to 31-12-2026



**માલિક : શ્રી અર્હદ્ ધર્મ પ્રભાવક ટ્રસ્ટ**
૧૭, પ્રાર્થનાપીઠ, ઈલોરાપાર્ક, જૈન દેરાસર પાસે,
નારણપુરા ચાર રસ્તા, અમદાવાદ - ૩૮૦ ૦૧૩
ફોન : **079-27681317**

**તંત્રી-મુદ્રક-પ્રકાશક : કલ્પેશભાઈ વી. શાહ, અમદાવાદ**
**મુદ્રક : સર્વોદય ઓફસેટ, અમદાવાદ.**

To,

SAMYAK - 98245 15514